## જન્મદિને વધામણી


મોહનભાઈ કે સિનોલ
મો. ૯૪૨૭૭ ૧૨૩૩૩


દુષ્યંતકુમાર શ્રીમાળી
સામાજિક અગ્રણી
મો. ૯૭૩૭૧ ૪૫૧૬૨


નીતાબેન સોની


વિમલ શુક્લ
મો. ૭૦૧૬૬ ૧૦૫૬૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ કૉલેજના યજમાન પદે

# કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઍથ્લેટીક મીટ યોજાઈ





## ૨૦ કૉલેજોના ૨૭૮ જેલા ખેલાડીઓએ ઍથ્લેટીક મીટ અંતર્ગત ૨૬ રમતોમાં ઉત્સાહથી ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૨
અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઍથ્લેટીક મીટ યોજાઈ હતી. આ મીટના ઉદ્‌ઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ, ઈન-ચાર્જ ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, કડી સર્વ વિશ્વવિદ્યાલયના સ્પોર્ટ્સ સંયોજક ડૉ. રણછોડ રથવી ઉપરાંત વિવિધ કૉલેજના આચાર્ય, અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૨૦ કૉલેજોના ૨૭૮ જેલા ખેલાડીઓએ આ ઍથ્લેટીક મીટ અંતર્ગત ૨૬ રમતોમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. બહેનો માટેની ૧૦૦ મીટર દોડમાં પૂજા કૃપલાની, મૌલિકા રંગપરા, ધારા જાદવ, ભાઈઓ માટેની ૧૦૦ મીટર દોડમાં અભિષેક પરમાર, ઋત્વિક બનોઢિયા અને રાજ પટેલ અનુક્રમે વિજેતા બન્યા હતા. સમગ્ર ઍથ્લેટીક મીટનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને સફળ બનાવવા માટે પ્રૉ. નૌરીન વૈપન્ના, પ્રૉ. હરેશ વનાર, પ્રૉ. ધર્મેન્દ્ર પટેલ, પ્રૉ. સમીર પંડ્યા, પ્રૉ. સુજલ પાઠક, પ્રૉ. જિજ્ઞેશ તોગડીયા ઉપરાંત સ્વયંસેવક મિત ખોયાણી, ભરતચાવડા, જયસુખ પરમાર, જૈમિન પટેલ, અંજલિ પટેલ, પિન્કલ પટેલ, વિરલ ચાવડા, નિલાંજના રાય, આષ્કા જોષી, વૃંદા પટેલ દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવ્યો હતો.

### જેડાના ઉપક્રમે

## સ્વામીનારાયણ પોલીટૅકનીક દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે વર્ક-શૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૧૨
ગુજરાત ઍનર્જી ડૅવલપમૅન્ટ ઍજન્સી શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઍનર્જી કન્ઝર્વેશન અવેરનૅસ વિષયે વર્ક-શૉપનું આયોજન સોમવારે કરવામાં આવ્યું હતું, જેમાં ઍનલેક સૉલ્યુશનના ઑડિટર અને કન્સલ્ટન્ટ ચિરાગભાઈ ચૌહાણ, જેડાના પ્રતિનિધિ આર ઍન પંડ્યા અને કૉલેજના ઍકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ ઉપસ્થિત રહ્યા હતા.

કૉલેજના ઈલેક્ટ્રીકલ ડિપાર્ટમૅન્ટના સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ચિરાગભાઈચૌહાણ અને આર ઍન પંડ્યા દ્વારા વર્ક-શૉપને અનુરૂપ ઑડિયો-વિડીયો દ્વારા યોગ્ય દૃષ્ટાંત પૂરાં પાડી વિષયની સંપૂર્ણ જાણકારી અપાઈ હતી.

આ સૅમિનાર દ્વારા ઊર્જા સંરક્ષણના ફાયદા, ભવિષ્યમાં ઊર્જાને અનુલક્ષીને ઊભી થનાર અછતો, ઊર્જા વપરાશનો સંયમ અને ભવિષ્યની પેઢી માટે ઊર્જા બચાવવા માટેના ઉપાયો અને વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરી ઊર્જા કેવી રીતે મેળવવી તે બાબતે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રૅક્ટિકલ સૅમિનાર દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગોની જરૂર મુજબ અભ્યાસક્રમને અનુલક્ષીને જરૂરી માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી.

### ઍમ બી પટેલ પ્રાઈમરી સ્કૂલ દ્વારા 'સાઈ' સંકુલની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૨
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૬ અની ૫૧ વિદ્યાર્થિની બહેનોએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા રમતગમત સંકુલની મુલાકાત લીધી હતી. ૧૦૦ મીટર દોડ માટેની ટ્રેક, લાંબી કૂદનું મેદાન, ઊંચી કૂદનું મેદાન, શૉટપુટ માટેનું મેદાન, હૅન્ડબૉલનું મૅદાન, બાસ્કેટ બૉલનું મેદાન, ક્રિકેટનું મેદાન, હૉકીનું મેદાન તથા સ્વિમિંગ પુલની મુલાકાત પણ વિદ્યાર્થિનીઓએ લીધી હતી. આ મુલાકાતનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષક દક્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય નીરૂબેન પટેલે આ નવતર મુલાકાત બદલ શિક્ષક, વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ચૌધરી સાર્વ. વિદ્યાલય ખાતે વિજ્ઞાન સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૨
શ્રી જે. ઍમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય સે.૭ ખાતેની ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થિનીઓ માટે વિજ્ઞાન સૅમિનાર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં STEM Academy દ્વારા વિજ્ઞાનને લગતા પ્રયોગોનું નિદર્શન કરાવાયું હતું. સમગ્ર આયોજન તથા સફળ સંચાલન વર્ષાબેન અને મીનાબેન પટેલે કર્યું હતું. કાર્યકારી આચાર્ય રમીલાબેન એસ ચૌધરીએ સર્વને અભિનંદન પાઠવ્યા છે

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત

## નાટક 'પપ્પુ મારો હૅરીપૉટર'ના ત્રણ પ્રયોગો યોજવામાં આવ્યા



### નાટકમાં મનોરંજનના સઘળા મસાલાઓની સાથે જાદુની ફ્લેવર પણ ઉમેરવામાં આવી, જે પ્રેક્ષકોને ખૂબ પસંદ પડી

ગાંધીનગર, તા. ૧૨
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી નિર્મિત નાટક 'પપ્પુ મારો હૅરીપૉટર'ના ત્રણ સફળ પ્રયોગો ગાંધીનગર, અમદાવાદ તથા કડીમાં યોજાયા હતા.

નરેન્દ્ર એ મિસ્ત્રી (નિલેષ મિસ્ત્રી) નિર્મિત-લિખિત-દિગ્દર્શિત ના મનોરંજક નાટકને પ્રેક્ષકોએ ખૂબ માણ્યુ અને વખાણ્યું હતું. નાટકમાં મનોરંજનના સઘળા મસાલાઓની સાથે જાદુની ફ્લેવર પણ ઉમેરવામાં આવી હતી, જે પ્રેક્ષકોને ખૂબ પસંદ પડી હતી. પ્રેક્ષકોએ 'જાદુઈ ડ્રામા'ની ઉપાધિ નાટકને આપી હતી. વર્લ્ડ રૅકોર્ડ હોલ્ડર જાદુગર સુનિલ રાવલની નિષ્ણાત સેવા જાદુ માટે નાટકને ઉપલબ્ધ થઈ હતી.

આ મનોરંજક નાટકમાં ગોપાલ બારોટ, ધરતી વાઘેલા, નવીન રાવલ, ચિંતન જાની, માસ્ટર ઋષભ ઠાકોર, નિલેષ મિસ્ત્રી, ભૂમિકા પટેલ અને ધર્મેન્દ્ર ગજ્જર દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. નિર્માણ વ્યવસ્થા કૃણાલ મિસ્ત્રી અને રાજન મિસ્ત્રીએ સંભાળી હતી. લાઈટિંગ હૅરી ઉપાધ્યાય, મેક-અપ અશ્વિન જાદવ અને સૅટિંગ્સની સેવા જયેશ હવેલીવાળા તરફથી આપવામાં આવી હતી.

નાટક માટે ગીત મધુસૂદન પટેલ દ્વારા લખવામાં આવ્યું હતું, જે ગાયું હતું ખ્યાત ગાયક દેવાંગ પટેલે. ગાંધીનગર ખાતે ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા પરિસરમાં, કડી ખાતે ટાઉનહૉલમાં અને અમદાવાદ ખાતે ટાઉનહૉલમાં આ મનોરંજક નાટકના પ્રયોગો યોજવામાં આવ્યા હતા.

સઘળા સ્થાનો પ્રેક્ષકો નાટકોથી પ્રભાવિત થયા હતા અને નાટકનો વખાણ્યું હતું. નાટકમાં જાદુના પ્રયોગને નવી બાબત ગણીને પ્રેક્ષકોએ તેને હર્ષથી આવકારી હતી અને આ નવીન પ્રયોગ બદલ નાટકના કલાકારો સહિત સમગ્ર ટીમને અભિનંદન પણ પાઠવ્યા હતા.

## આજે બ્રહ્માકુમારીઝ દ્વારા શિવજયંતિ મહોત્સવ - શિવધ્વજારોહણ

ગાંધીનગર, તા. ૧૨
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર સેક્ટર-૨ સી ગાંધીનગર, ઉર્જાનગર અને ચિલોડા દ્વારા પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર-મહાશિવરાત્રીના પાવનતમ પર્વના ઉપલક્ષમાં શિવજયંતિ મહોત્સવ અને શિવધ્વજારોહણના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમ અંતર્ગત સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે સવારે ૬.૦૦થી ૬.૩૦ વિશેષ યોગાભ્યાસ સાથે શિવ પરમાત્માને ખાસ ભોગ ધરાવવામાં આવશે, ૬.૩૦થી ૭.૦૦ મુરલીના અણમોલ વચનો સંભળાવવામાં આવશે. અને ત્યારબાદ સવારે ૭.૦૦થી ૭.૩૦ સ્નેહમિલનનું આયોજન કરેલ છે. જેમાં મહાશિવરાત્રિનું સાચું આધ્યાત્મિક રહસ્ય સ્પષ્ટ કરવામાં આવશે અને સ્વયમ ભોળા શંભુ (સ્વયમ ભુ) શિવ પરમાત્મા દ્વારા બ્રહ્માકુમારીઝના માધ્યમ દ્વારા ચાલી રહેલ વિશ્વ પરિવર્તનના ભગિરથ કાર્યથી માહિતગાર કરવામાં આવશે. સ્નેહમિલનમાં રાજ્યના શિક્ષણ મંત્રી માન.શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા (૨) ભ્રાતા મહેશભાઈ જોષી, સચિવશ્રી, રાજ્ય ચુટણી પંચ, ગાંધીનગર, (૩) ભ્રાતા એચ.એમ.જાડેજા, નિવાસી અધિક કલેક્ટરશ્રી, ગાંધીનગર,(૪) ભ્રાતા વસંતભાઈ પરાસ્કર, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ, કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન, ગાંધીનગર, તથા ભગિની સુમનબેન પરાસ્કર (૫) ભ્રાતા ભરતભાઈ મહાત્મા મંદિર ખાસ ઉપસ્થિત રહેશે.

# ડર ત્યાં સુધી જ ડરાવી શકે જ્યાં સુધી એ દૂર હોય

માનવજાતની સૌથી જૂની ઘર કરી ગયેલી જો કોઈ લાગણી હોય તો એ ડર છે. ડરની લાગણી માણસના મનમાં સૌથી મજબૂત અને દ્રઢ રીતે છવાયેલી રહે છે. એમાં પણ સૌથી પ્રચલિત અને ખૂબ ઊંડે સુધી છવાયેલી રહેલી લાગણી કોઈ 'અજાણ્યા ખોફ'ના ડરની છે. એક આઠમા નવમા ધોરણમાં ભણતું બાળક સ્કૂલથી થોડું મોડું નીકળ્યું અને સ્કૂલ બસ રવાના થઈ ગઈ. આ બાળક સ્કૂલ બસ જતી રહી છે અને એકલો બસ સ્ટેન્ડે ઊભો છે એનો ખ્યાલ આવતાં જ શીંયાવીયાં થઈ ગયો. આમ-તેમ બાઘાની જેમ ડાફોળીયા મારવા લગ્યો. થોડી વાર રહીને એક ખૂણામાં બેસીને પોક મૂકીને ચોંધાર આંસુએ રડવા લાગ્યો. આ બાળક ખૂબ વિહવળ થઈ ગયું. એ અન્ય કોઈ વાહનમાં ઘરે જવા માટે રસ્તો જ કાઢી ન શક્યો. બાળકના માતા પિતા તેને તકલીફ ન પડે એ માટે ઘરના આંગણેથી ગાડીમાં બેસાડીને સ્કૂલ બસમાં મૂકી આવે. સ્કૂલ બસ સ્કૂલના આંગણે એને ઉતારે. જમવાના ટાઈમે જમવાની થાળી મળી જાય. એ જે ઈચ્છા કરે એ પુસ્તક, ખેલ કુદના સાધનો, વસ્તુઓ હાજર કરી દેવામાં આવે. ક્યાંય કોઈ પણ જગ્યાએ એને તકલીફ ન પડે એનું પૂરતું ધ્યાન રાખવામાં આવે. ખરેખર તો આ પ્રકારની લેવાતી વધુ પડતી કાળજી ડરપોક વ્યક્તિત્વનું ઘડતર કરે છે. જ્યારે 'ઓવર કેરીંગ નેચર'થી કોઈ પ્રિય વ્યક્તિનું ધ્યાન રાખવામાં આવતું હોય છે ત્યારે એ જ એની નબળાઈનું સૌથી મોટું કારણ બની જતું હોય છે.



ડરની તોતીંગ ઈમારત સલામતીના પીલરો ઊપર જ ઊભી હોય છે. 'કમ્ફર્ટ ઝોન' ડર પેદા કરે છે. ડરના પાયા ઉપર કોઈ દિવસ મિનારો ચણી શકાતો નથી. હિંમત અને શક્તિના મજબૂત કોંક્રીટથી જ વિશ્વાસની મજબૂત ઈમારત ચણાતી હોય છે. 'જીસ કીસીને ભી અપના વતન છોડા, ઉસીને જાકે નામ કમાયા...' વતનમાં ઓળખીતા લોકો, જાણીતા માર્ગો, મદદ કરવાવાળાઓની ફોજ વગેરે 'કમ્ફર્ટ ઝોન'ને છોડીને જે વ્યક્તિ પરદેશમાં અજાણ્યા માહોલમાં અનેક મુશીબતોમાં હિમ્મતપૂર્વક કામ કરે છે તેને આગળ વધવાના માર્ગો મળતા હોય છે. ડરના પાયા ઉપર કોઈ દિવસ મિનારો ચણી શકાતો નથી. હિંમત અને શક્તિના મજબૂત કોંક્રીટથી જ વિશ્વાસની મજબૂત ઈમારત ચણાતી હોય છે.


આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

હું આ કામ કરું તો ખરો પણ એનું મને પરિણામ નહીં મળે તો ? નિષ્ફળતાના આવા ખોટા અનુમાનો ડરની જનની છે. નિષ્ફળતાના ખોફથી કાર્યની જો શરૂઆત જ નહીં થાય તો આગળ વધવાની અને સફળ થવાની વાત માત્ર કલ્પનાનુ આકાશ બનીને રહી જશે. સપનાઓને તો વિશ્વાસનું પાણી છાંટીને હિંમતપૂર્વક સતત તાજાં રાખવાં પડે. સ્વપ્ન સાકાર કરવા માટે મંડ્યા રહેવું પડે - લડતાં રહેવું પડે. આપણે જાણી લેવું પડે કે જીવન પાસેથી આપણે શું મેળવવાનું છે. જીવન તમારો સારથી બને એ પહેલાં તમારે જીવનના સુત્રધાર બની જવુ પડે.

જીત મેળવતા પહેલાં 'હારી જઈશ તો ?' એવી બીકના વિચારોના કારણે ઘરમાં બેસી રહેનારો પાછો પડે છે. ડરને આઘો ફેંકીને વિશ્વાસપૂર્વક ઘરની બહાર નીકળી કાર્યરત થઈ જવું પડે. જ્યાં સુધી ડર સાથે પ્રેમ રહેશે ત્યાં સુધી સતત આંસુઓમાં ભીંજાતા રહેવું પડશે. એક સુખી માણસની વાત છે. એમની પાસે સારું એવુ બેન્ક બેલેન્સ, દ્રવ્ય, અસ્ક્યામતો સાથે મહેનત કરીને સંપન્ન બન્યા હતા. ભૂતકાળમાં એમની સ્થિતિ સારી નહતી. અત્યંત સામાન્ય પરિસ્થિતિમાંથી આગળ આવ્યા હતા. એમને સતત એવા વિચારો આવ્યા કરે કે, 'મારી સંપત્તિ ચોરાઈ જશે તો, ઈન્કમટેક્ષની રેડ પડશે તો...' અવા વૈચારિક તુક્કા લગાવી ડરના માર્યા રાત્રે બરાબર ઊંઘ પણ લઈ ન શકે. ડર લાગવાનુ એક કારણ સ્વાર્થીપણું અને હદથી વધારે ધનનો સંગ્રહ પણ છે.

મારું આરોગ્ય કથળી જશે તો ? મને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થશે તો ? આવા વૈચારિક ડરથી ઘણાં લોકો પીડાતા હોય છે. તો વળી કેટલાક લોકો હું જે નથી અને ખોટો ડોળ કરૂં છું એવી સાચી વાતની લોકોને ખબર પડી જશે તો એવા ડરથી ફફડતા હોય છે. ભૂલોથી ડરનારો હંમેશા હારતો હોય છે. ભૂલથી ન ડરનારો અને પછડાટ ખાધી હોય તો પણ હિંમતથી ઊભો થઈને ફરી કામ કરવાવાળો ડરને હડસેલવામાં કામયાબ થતો હોય છે. જો ડર મનમાં નહીં હોય તો સાચો માર્ગ આપોઆપ નજર સામે આવશે. ડરથી ત્યાં સુધી જ ડર લાગતો હોય છે જ્યાં સુધી એ પાસે ન આવે. જ્યારે જે ઘટના બનવાની છે એ બને અને એમાંથી બહાર નીકળવા માટે પ્રયાસો શરૂ થાય ત્યારે ડર મટી જાય છે અને હિમ્મતથી મુકાબલા માટે મન તૈયાર થાય છે.

ડર હંમેશા અજ્ઞાનતાનો આચળો ઓઢીને ઊભો હોય છે. ડરથી દુઃખ ઉભુ થાય છે અને એ કહેવાતા દુઃખથી જ જિવનમાં ખાનાખરાબી સર્જાતી હોય છે. ડરના વિચારને મક્કમતાથી આઘા જે ન હડસેલી શકે એ ક્યારેય કાર્ય કરીને આગળ વધી ન શકે. ઘણાં લોકોને એકલતાનો ડર લાગતો હોય, તો વળી ઘણાંને અણઆવડતનો ડર લાગે. ડર આમ તો ક્યાંય નથી. અને જો છે તો એ માત્ર ને માત્ર મનમાં છે. એક તત્વચિંતકે ડરનું પૃથક્કરણ કરતાં કહ્યું છે કે, તમે સક્ષમ છો, એટલે તમને તમારી જીતનો વિશ્વાસ હોવો જોઈએ અને તે તમારા ડરથી મોટો જ હોવો જોઈએ. આશા વગર ડર નથી અને ડર વગરની કોઈ આશા નથી.

એક ભાઈ ખૂબ જાણીતા કવિના મુશાયરાને ખૂબ આનંદથી માણી રહ્યા હતાં. એમનો બીજો મિત્ર એ જ મુશાયરામાં થોડે દૂર બેઠો હતો અને અચાનક આ મિત્ર પર નજર પડતાં તે ઉઠીને તેમની પાસે આવ્યો. એણે આ મિત્રને કહ્યું 'દોસ્ત તારી ફેકટરીના વિકાસ માટે મારી બેન્કમાં લોન માટે તે એપ્લીકેશન કરેલી તેને મારી બેન્કે આજે રીઝેક્ટ કરી છે. તેની જાણ તને કરી દીધી છે છતાં પણ તું આટલી મોજમાં છે ?' પેલા મિત્રએ કહ્યું 'યાર જે થવાનું હતું એ થઈ ગયું. આવતી કાલની વાત આવતી કાલે. પણ એટલા માટે આજની મોજ હું શા માટે છોડું ?' જેને ભવિષ્યનો ડર નથી એ વર્તમાનમાં ભરપુર આનંદ લઈ શકે છે.

મોટા ભાગે લોકો એવી અજાણી વાતના ભયથી ભયભીત થતાં હોય છે કે, જેનું હકીકતમાં કોઈ અસ્તિત્વ જ હોતુ નથી. જ્યારે ડર મનમાંથી બહાર ફેંકાઈ જાય ત્યારે અસંભવ વાત પણ આસાનીથી સંભવ બની જતી હોય છે. વૈજ્ઞાનિકોના મત અનુસાર ભમરાનું વજન ખૂબ હોય છે. વૈજ્ઞાનિક નિયમો અનુસાર ભમરો હવામાં ઊડી ન શકે. પણ ભમરાને આ વાતની ખબર નથી અને તે માનવા તૈયાર પણ નથી કે તે ભારે શરીરના કારણે ઊડી ન શકે. ભમરો આ જ કારણથી વારંવાર લગાતાર ઉડવાની કોશિષ કરતોં હોય છે. અસંખ્ય વાર અસફળ થતો હોય છે પણ ન ઉડી શકવાના ડરને હડસેલીને હિંમતથી પ્રયાસ કરતો ભમરો આખરે ઉડવામાં સફળ થતો રહ્યો છે. આપણે એ બધું જ કરવા શક્તિમાન છીએ જે આપણે વિચારીએ છીએ. પણ ખાટલે મોટી ખોડ એ છે કે આપણે આ નહીં કરી શકીએ એવા ડરથી કામનો આરંભ જ નથી કરતા. હું ચોક્કસ કરી શકીશ એવી વિચારસરણીથી કામ કરતાં જ નથી. આપણે ડરના માર્યા નકારાત્મક ધારણાઓથી જાતે જ બંધાઈ જઈએ છીએ. પરિણામે સામાન્ય લાગતી બાબત પણ આપણને મુશ્કેલ અને અસંભવ લાગે છે.

આપણે આજે જે કંઈ પણ છીએ તે આપણી વિચારધારાનું પરિણામ છે. જો આપણે નિષ્ફળ છીએ એમ માનીએ તો એનું કારણ આપણો સફળ ન થવાનો ડર છે. આપણી સાથે એ જ બનતું હોય છે જે આપણે માનતાં હોઈએ છીએ. જેમ ભમરો વૈજ્ઞાનિક કારણોસર ઉડી શકે જ નહીં પણ નહીં કરી શકુ એવા ડરને દૂર કરીને ભમરો ઊડી શકે છે, એમ અસફળતાના ડરને ટાટા બાય બાય કરવુ પડે. નિર્ણય લેવો પડે કે, નબળી વિચારધારાની આસપાસ ગુલામ બનીને બેસી નહીં રહું. મનને વિશ્વાસથી ભરી દઈને ભમરાની જેમ ગુંજન કરતાં આસમાનમાં ઊડવું છે. દુનિયામાં ડર જેવી કોઈ વાત છે જ નહી જે ડર છે તે એ આપણી અણસમજનો છે. એક વાર સમજની શક્તિ વિકસે તો ડર નામની વાતનું જીવનમાં કોઈ સ્થાન રહે જ નહીં. ઘણા લોકોને ન જાણે ક્યાંથી બદનામીનો ડર મગજમાં ઘર કરી જાય છે. જેને ગરમી અને ડરથી પસીનો થતો હોય છે તેવા વ્યક્તિને શ્રમનો પસીનો સૌથી વધુ ભયભીત કરતો હોય છે. જિંદગીમાંથી જ્યારે ડરનું તત્ત્વ નામશેષ થઈ જાય છે ત્યારે જીવનનો સાચો આનંદ પ્રગટતો હોય છે. જે કંઈ પણ બનશે એનો સામી છાતીએ મુકાબલો કરશું. નક્કી કરી લો કે, ખુશી હશે તો ખુશ થઈશું અને દુઃખ હશે તો તેને પણ હસીને દૂર હડસેલીશું. જાણીતા ગુજરાતી ગઝલકાર મર્હુમ શેખાદમ આબુવાલા જિંદાદીલ જિંદગીની ફિલોસોફીને વર્ણવતાં એક શેરમાં લખે છે કે, 'અમને નાખો જિંદગીના આગમાં, આગને પણ ફેરવીશું બાગમાં, સર કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં...' ડર અને ફફડાટ સામે જિંદગીની જિંદાદીલીનો જંગ હમેશા મઝાનો લાગતો હોય છે. ડર્યા વગર સ્વીકારી લેવુ જોઈએ, થોડીક ખુશી અને થોડીક વ્યથાનું મિશ્રણ જીવનને પરિકથા જેવું બનાવે છે.

**ધબકાર**

તમારી પાસે બે જ વિકલ્પ છે, ડર ઉપર વિજય મેળવો કે પછી ડરને જીતવાનો મોકો આપો, નક્કી તમારે કરવાનુ છે.